# પરમ વિદુષી બાલયોગીની પૂ.ગીતાદીદીના વધામણા વિશેષાંક

અમરેલીની આ પણ એક તાસીર છે, અમરેલી શાણુ અને સમજણુ પણ છે : મહાત્મા મુળદાસને થયેલ અન્યાયનું કદાચ આ એક સાચુ પ્રાયશ્ચિત બની રહેશે

# પરમ વિદુષી પૂ. ગીતાદીદીના વધામણા એટલે પૂન્યશાળી પગલુ

પૂ.મહાત્મા મુળદાસજી, પૂજય સંત ભોજાભગત સહિતના સંત રત્નોથી ઝળહળતી અમરેલીની ધરતીની ગોદમાં છુપાવેલ વધુ એક સંત રત્ન અને ભારતભરનાં એકમાત્રા પરમ વિદુષીથી સન્માનીત થયેલ પૂજય ગીતાદીદીનાં વધામણા માટે અમરેલીના હૈયામાં ઉછળતો ઉમંગ

૨૮૦ કથાઓ થકી રામાયણ અને ધર્મને લોકો સમક્ષ લઇ જનારા પૂજય ગીતાદીદી આગામીકથા ૧૨ જૂનનાં અમેરિકા ખાતે કરશે : મોટા દેવળિયામાં ૧૧ વર્ષની ઉંમરે કરેલ પ્રથમ કથાથી લઇ ૨૮૦મી કથા સુધી પૂજય દીદીની અમૃતવાણીનો લાભ લેવા હજારો ભાવિકો ઉમટે છે



## પરમ વિદુષીપદ મેળવનાર લંડનની યાદગાર કથા



અમરેલી,અમરેલીની ભૂમિ એટલે સંત મુળદાસની ભૂમિ...આ ભૂમિમાં ફરી કોઇ પવિત્ર સંત પ્રગટે તે આપણા સહુ માટે ઘણી ખુશીની વાત છે. ૧૯૭૮માં સામન્ય પરિવારમાં જન્મ ધારણ કરી દેશ પરદેશમાં ઉચ્ચ આદર્શમય જીવન સાથે કથાઓના માધ્યમથી ધાર્મિક જગતમાં અમરેલીનું નામ ગુંજતુ કરનાર આપણા સહુના વ્હાલા..લાડીલા..પૂ.દીદી બાલયોગીની સાધ્વી શ્રી ગીતાદેવી રામાયણીને શત-શત પ્રણામ. તાજેતરમાં ઈંગ્લેન્ડ (યુ.કે.)માં યોજાયેલી દેવી ભાગવત કથામાં ભારતનાં મૂર્ધન્ય વિશ્વ કક્ષાના સંતોની પાવન સાનિધ્યમાં તથા ઈન્ટર નેશનલ સિધ્ધાશ્રમના પ્રેરક ડો.રાજેશ ગુરુજીનાં આમંત્રણથી કથા દરમિયાન રોજ સ્થાનિક રાજકીય આગેવાનોની પણ ઉપસ્થિતિ રહેતી હતી. ખુબ બહોળી સંખ્યામાં કથામાં શ્રોતાજનોએ ભાવ અને શ્રધ્ધાથી કથાનો ભરપુર લાભ લીધો. કથાના છેલ્લા દિવસે કથાના આયોજક ડો.રાજેશ ગુરુજી અખીલ ભારતીય સંત સમિતિનાં રાષ્ટ્રીય અધ્યક્ષ આયોજિત અવિચલદાસજી મહારાજ અખીલ ભારતીય સંત સમિતિનાં કોષાધ્યક્ષ મહામંડળેશ્વર સ્વામી અલખગીરીજી મહારાજ, અટલ અખાડાના સ્વામી બટુકગીરીજી મહારાજ,જૂના અખાડાના ઉપાધ્યક્ષ સ્વામી દોલતગીરીજી મહારાજ, ગોવા પદ્મનાભ પીઠાધીશ્વર, સ્વામી બુદમેશાનંદજી મહારાજ, દરિયાદ્વારથી નિરંજ સ્વામી તથા અન્ય સંતો તથા રાજકીય આગેવાનોની ઉપસ્થિતિમાં પ.પૂ.દીદીને પરમ વિદુષી એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા. પૂ.ગીતાદીદીને પરદેશની ભૂમિમાં પરમવિદુષી એવોર્ડ પ્રાપ્ત થતા સમગ્ર સેવક સમાજમાં ખુશી છવાઈ ગઈ ત્યારે અમરેલીના સર્વજ્ઞાતીય નગર જનો કેમ બાકી રહે..અમરેલીમાં ઘરે ઘરે વ્યક્તિ દીઠ પૂ.ગીતાદીદીને સન્માનવા હરખની હેલી ચડી છે. કારણે પૂ.ગીતાદીદી આપણા અમરેલીનું સંત રત્ન છે. જેમણે આપણુ ગૌરવ વધાર્યુ છે આજે રવિવારે તા.૯-૧૧-૧૪ના રોજ ફોરવર્ડ સ્કૂલનાં મેદાનમાં બપોરે ૩ વાગ્યાથી પૂ.દીદીને સર્વજ્ઞાતી દ્વારા સન્માનીત કરવાનું આયોજન કરેલ છે.

## અમરેલી ગીરનારી આશ્રમની સેવા મહેકે છે

### ગાંધીનગર નજીકના બાલવા ગામમાં..

## શ્રી ત્રિલોકનાથજી વાત્સલ્ય વાટીકા બાલવામાં માનવસેવાને પ્રભુ સેવા બનાવતા પૂજય ગીતાદીદી

### અનાથોને આશરો અને ૪૦ જેટલા એઈડસના દર્દીઓને દતક લઈ ગીતાદીદી તેની સારવાર કરાવે છે

પૂ.ગીતાદીદીની સેવાઓમાં એક છોગુ વધુ ઉમેરાયુ ઉતર ગુજરાતમાં ગાંધીનગરથી માણસા હાઈવે પર બાલવા ગામે પોતાના ગુરૂજીના નામથી શ્રી ત્રિલોકનાથ વાત્સલ્ય વાટીકા (અનાથ આશ્રમ)ની સ્થાપના કરી છો. જયાં અનાથોના નાથ બની પૂ.દીદીએ આપણી ગીરનારી આશ્રમની એક સેવાની જયોત ત્યા પણ જગાવી છે.અને સાથે અમરેલીની માફક ત્યાં પણ અનેક વિધ સેવાકીય પ્રવૃતિઓ થાય છે જાણીને આશ્ચર્ય થશે કે એઈડસ (એચઆઈવી)નો ગાંધીનગરની સંસ્થામાં રહેતા લગભગ ૩૫થી ૪૦ જેટલા એઈડસના દર્દીઓને પૂ.દીદીએ દતક લઈ તમામ ખર્ચની વ્યવસ્થા આપણા પરોપકારી પૂ.ગીતાદીદીએ લીધી છે.હમણા દિવાળીના દિવસે બાલવા ગામેમાં ગરિબો માટે ૪૫૦ ઘરોમાં વિના મૂલ્યે મીઠાઈઓનું વિતરણ પૂ, દીદીએ જાતે જઈને કર્યુ છે.

## ૧૭ વર્ષથી સાધ્વી ગીતાદીદીએ અનાજ નથી આરોગ્યુ

## હે ભગવાન મારા ભાગનું અનાજ ગરીબોને આપજે કહી પૂજય ગીતાદીદીએ ૧૭ વર્ષ પહેલા અનાજનો ત્યાગ કર્યો

### અમરેલી સિવિલ હોસ્પિટલે યુવાન પુત્રના મોતને હરાવવા મથી રહેલા વૃધ્ધ બાપની વ્યથા અનુભવી વ્યથીત થયેલા ગીતાદીદી રાતભર રડયા અને સંકલ્પ કર્યો

કોઈ સાધુ હાથ ઉંચો રાખે, કોઈ જમીન ઉપર સુવે નહી જેવી અનેક હઠ સાધુ સંતોમાં જોવા મળે અને તેને હઠ યોગી કહેવાય પણ અમરેલીના ગૌરવ અને પરમ વિદુષી એવા પૂજય ગીતાદીદીએ છેલ્લા ૧૭ વર્ષથી અનાજ નથી ચાખ્યુ તેની બહુ ઓછા લોકોને જાણ છે.

સાધ્વી છે એટલે અનાજ નહી ખાવાની કોઈ બાધા કે પ્રતિજ્ઞા હશે તેવુ અનુમાન સૌ કોઈ સહજતાથી લગાવી દે પણ પૂજય ગીતાદીદીના આ પગલા પાછળ હૈયુ હચમચાવી દેતી એક કરૂણ કથા છે.

આજથી ૧૭ વર્ષ પહેલા નિત્યક્રમ અનુસાર પૂજય ગીતાદીદી જય ગીરનારીની અહાલેક સાથે સિવિ હોસ્પિટલમાં દર્દીઓને ફ્રુટ દેવા ગયા હતા અને બહાર નિકળ્યા ત્યારે સિવિલના દરવાજે એક વૃધ્ધ ઉભા હતા તેને પૂજય દીદીએ જયગીરનારી કર્યા અને પુછયુ કે દાદા અહી કેમ ઉભા છો ? તો જવાબ મળ્યો કે મારા જુવાન દીકરાને ફેફસામાં પાણી ભરાયા છે. કિડની કામ નથી કરતી જેવી અનેક તકલીફોએ વૃધ્ધે વર્ણાવી એટલે પૂજય ગીતાદીદીએ પુછયુ કે કોઈ મદદની જરૂર છે તો એ વૃધ્ધે ડોકટરે લખી દીધેલી ચીઠ્ઠી બતાવી એટલે મેડીકલ સ્ટોરમાં જઈ એ સમયે એકાદ હજાર કિંમતની દવા ગીતાદીદીએ એ વૃધ્ધને અપાવી અને પુછયુ કે તમારા દીકરાને તો અમે અંદર ફ્રુટ આપ્યુ જ છે તમે જમ્યા ? તમારે કંઈ આવુ છે ?

મા કોઈ દિકરાને પુછે તેવા મમતાસભર પૂજય દીદીનો અવાજ સાંભળી એ વૃધ્ધ દીદીના પગમાં પડી ગયા અને તેની ધીરજનો બાંધ તુટયો તે ચોંધાર આસુએ રડયા ત્યારે અચાનક શરૂ થઈ ગયુ ? તેવી અસંમજસમાં મુકાયેલ પૂજય દીદીએ તેને સાંત્વતા આપી અને જે વિતક સાંભળી ગીતાદીદીનું હૃદય હચમચી ગયુ હતુ.

આ વૃધ્ધ કે જે અમરેલી નજીકના ગામડાના હતા તેણે કહયુ કે દીદી અહી દર્દીએ ખાવાનું મળે છે અને સાથે આપનારાને પણ સેવાભાવી ખાવાનું આપી જાય છે પણ મારા દીકરાને થયેલા રોગ અને તેના ખર્ચાને પહોંચી વળવાની અમારી શક્તિ નથી એટલે મારે ગામ જાવ ત્યાં દુકાનો ખુલે એટલે સૌને દવાની ચીઠ્ઠી બતાવુ અને બસો પાંચસો જે મદદ મળે તે પૈસા ભેગા કરી અને રાત્રે પાછો અમરેલી સિવિલે પહોંચુ ત્યારે સેવાભાવીઓ ભોજન કરાવી ચાલયા ગયા હોય અને દીકરા માટે ભેગા કરેલા પૈસામાંથી કોળીયો ગળે ઉતરે નહી દીદી હું છેલ્લા પાંચ દિવસથી જમ્યો નથી !

એક ગરીબ અને લાચારા બાપની આ વ્યથા અને કરૂણા કથા સાંભળી હચમચી ગયેલા પૂજય ગીતાદીદી ગીરનારી આશ્રમે આવ્યા અને જમવા બેઠા પણ સામે રહેલુ ભોજન એ ન જમી શકયા અને આખી રાત રડયા કે હે ભગવાન ગરીબોની આવી હાલત ?

અને સવારે ઉઠી તેમણે સંકલ્પ કર્યો અને ભગવાનને પ્રાર્થના કરી કે હે ભગવાન આજથી હું અનાજને ત્યાગ કરૂ છું મારા ભાગનું અનાજ તુ કોઈને કોઈ ગરીબને આપજે બસ ત્યારથી આજ દીન સુધી ગીતાદીદીએ અનાજ નથી ખાધુ તે માત્ર ફળ ઉપર રહે છે.

## શ્રી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલી દ્વારા લોકોને ફોરવર્ડના મેદાનમાં ઉમટી પડવા હાકલ

વિદેશની ધરતી પર પરમ વિદષી એવોર્ડ પ્રાપ્ત કરનાર ભારત દેશ અને આપણા સહુનું વિશ્વ સ્તરે ગૌરવ વધારનાર અમરેલીના પનોતા પુત્રી દેવી અવતાર સમાન વંદનીય બાલયોગીની પ.પૂ. ગીતાદીદીનું અમરેલી શહેર તાલુકા જિલ્લાની દરેક શૈક્ષણિક સંસ્થા, વિશ્વ વંદનીય સાધુ સંતો,સામાજિક સંસ્થાઓ, દરેક જ્ઞાતિબંધુઓના આગેવાનશ્રીઓ મહીલા ધુનમનડળો દ્વારા ભારત વર્ષની સંસ્કૃતિ , આધ્યાત્મિક રાહે પ.પૂ ગીતાદીદીએ રામાયણ ગ્રંથ કથાનું ૨૭૯ કથાના માધ્યમથી રસપાન પારસનારા ધમરત્ન પૂજય દાદા કોઈ જ્ઞાતિ , જાતિના ભેદભાવ વગેરે અનેકવિધ સેવાકીય કાર્ય કરનાનું સ્વાગત સન્માન કરવા સમગ્ર પ્રજાજનો થનગની રહયા છે ત્યારે આ ધાર્મિક કાર્ય સમાન કાર્યક્રમમાં તા. ૦૯/૧૧/૨૦૧૪ બપોરના ૩-૦૦ કલાકે નાગનાથ સર્કલે ભવ્ય સ્વાગત કરવા તેમજ ત્યાંથી શોભાયાત્રા દ્વારા ફોરવર્ડ સર્કલથી ફોરવર્ડ સ્કુલ મેદાનમાં ભવ્યાતિભવ્ય સન્માન સમારંભમાં અમરેલી શહેર, તાલુકા ,જિલ્લાના તમામ ભાઈ બહેનોએ આ ઉત્સવમાં જોડાવા અમરેલી લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ ,અમરેલી હદયપૂર્વક ભાવભર્યુ જાહેર નિમંત્રણ પાઠવીએ છીએ તેમ સમસ્ત લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ ના પ્રમુખ શ્રી નંદલાલભાઈ ભડકાણ અનુરોધ કર્યા છે.



અમરેલી શહેરને ભુતકાળમાં અમરેલીમાં ફરજ બજાવી ચૂકેલા કર્તવ્યનિષ્ઠ ડીએસપી શ્રી કુમારની યાદ અપાવતા એસ.પી. શ્રી મકરંદ ચૌહાણ

# અમરેલીમાં એસ.પી.શ્રી ચૌહાણે જાતે જ ટ્રાફિક સમસ્યા જોઇ એકશન લીધા

**સ્ટેશન રોડ થી ટાવર સુધી એસ.પી.શ્રી મકરંદ ચૌહાણે વોકીંગ કરી ટ્રાફિકની સમસ્યા નિહાળી : નડતરરૂપ વાહનો ડીટેઇન કરાયા : જાહેરનામાનો કડક અમલ કરાવવા પોલીસ તંત્રના સંબધિત વિભાગને સુચનો આપી : શહેરમાં ટ્રાફિક સમસ્યા હલ કરવા પોલીસે કડક પગલા લેતા ભારે આવકાર**







અમરેલી,અમરેલી શહેરમાં ટ્રાફિક સમસ્તા હલ કરવા અને નગરજનોમાં ટ્રાફિક પ્રશ્ને જાગૃતિ લાવવા એસ.પી.શ્રી મકરંદ ચૌહાણે આજે જાતે જ સ્ટેશન રોડ થી ટાવર સુધીનાં રાજમાર્ગમાં ચાલીને ટ્રાફિક સમસ્યા નિહાળી ટ્રાફિક પોલીસ પાસે આડેધડ પાર્કીગ કરનાર વાહનોને ડીટેઈન કરવા આદેશ આપતા વાહનો ડીટેઈન થયા હતા માર્ગમાં અડચણ કરનારઓને સુચના તેમજ નોટીસો આપવામાં આવી હતીવર્ષો બાદ અમરેલી જિલ્લાને કાર્યદક્ષ એસ.પી.મળ્યા હોય તેઓએ જાતે જ ટ્રાફિક સમસ્યા નિહાળી પોલીસ તંત્રને ટ્રાફિક વ્યવસ્થા સારી રીતે જળવાઈ રહે તે માટે સુચનાઓ આપી હતી સાથોસાથ જાહેરનામાનો કડક અમલ કરાવવા પણ ટ્રાફિક પોલીસ વિભાગના સંબધિતોને સુચનાઓ આપી હતી અમરેલી શહેરમાં એસ.પી.શ્રી મકરંદ ચૌહાણે જાતે જ સ્ટેશન રોડ થી ટાવર સુધી પોલીસને સાથે રાખી વોકીગ કરતા અડચણરૂપ વાહનો ડીટેઈન કરાયા હતા અમરેલી શહેરમાં આજે સતત બીજા દિવસે પી.એસ.આઈ શ્રી.વી.કે.પટેલ તથા પીએસઆઈશ્રી ડી.કે.રાવ તથા સ્ટાફે ટ્રાફિક અંગે પગલા લીધા હતા વાહનોની હેડલાઈટોમાં રીફેરટર (પટી) લગાવવામાં આવી હતી નંબર પ્લેટો ઉપર અનઅધિકૃત લખાણો દુર કરાવ્યા હતા શહેરમાં ટ્રાફિક પ્રશ્ને પોલીસ કડક કામગીરી કરતા આ કામગીરીની પ્રસંશા થઈ રહી છે

## ચલાલાના વાઘવડીમાં સંયુક્ત માલિકીની જમીનમાં છેતરપીંડી અને વિશ્વાસઘાત

**ઉછીના પૈસાના લખાણનું કહી જમીનનો દસ્તાવેજ બનાવી નાખ્યો**

અમરેલી,મુળ ધારીના વતની હાલ સુરત કતાર ગામના જમીન માલિક સાથે વાઘવડી ગામના વ્યક્તિને જમીનનો ખોટો દસ્તાવેજ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ નોંધાઈ છે. આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર મુળ ધારીના હુડાલીમાં રહેતા હાલ કતારગામ સુરત વસતા ઘનશ્યામભાઈ કરશનભાઈ સાવલીયાની વાઘવડીની રેવન્યુ સર્વે નં.૧૧૧ પૈકીની સંયુક્ત માલીકીની જમીનનું પ્રતાપભાઈ બચુભાઈ રે.વાઘવડીએ ઉછીના પૈસા આપેલ હોય તેનું લખાણ કરવાનું છે તેમ દસ્તાવેજ બનાવી તેનો સાચા તરીકે ઉપયોગ કરી છેતરપીંડી વિશ્વાસઘાત કર્યાની ફરીયાદ ચલાલા પોલીસ મથકમાં નોંધાવેલ છે. બનાવની તપાસ એ.એસ.આઈ. એ.બી.મહેતા તપાસ ચલાવી રહયા છે.

સી.સી.આઇ. કપાસ ખરીદ કરી રહ્યુ છે ત્યારે

## રાજુલા માર્કેટ યાર્ડમાં ખેડુતોને કપાસનું રોકડુ પેમેન્ટ ચુકવવા માંગણી

**ભારતીય કિસાન સંઘ દ્વારા કપાસ ખરીદીના પેમેન્ટ પ્રશ્ને ઉચ્ચ કક્ષાએ કરાયેલી રજુઆત**

રાજુલા,રાજુલા માર્કેટયાર્ડમાં સી.સી.આઈ. કપાસની ખરીદી કરી રહ્યુ છે પરંતુ કિસાનોને કપાસનું પેમેન્ટ પંદર દિવસે ચુકવવામાં આવે છે. જેથી કિસાનોને મોડુ મળવાથી ખુબ જ મુશ્કેલી પડી રહી છે. કારણ કે ચાલુ વર્ષ ખુબ જ નબળુ હોવાને કારણે ખેડૂતોને પોતાના વ્યવહાર જેવા કે દવા - બીયારણ - ખાતર ઉછી ઉધારા કરીને ખરીદી કરેલ હોય તેનું ચુકવણુ કરવા માત્ર ને માત્ર કપાસનું વેચાણ કરીને કરવુ પડે તેવી સ્થિતી હોય તેવા સમયે કપાસનું પેમેન્ટ રોકડુ ન મળવાને કારણે કિસાનો પોતાએ રેલ ઉછી ઉધારાના પૈસા ચુકવી શકતા નથી અને કપાસનું વેચાણ થયા તુરંત જ વેપારીઓ ઉધરાણી કરવાનું શરૂ કરે છે. પરંતુ સી.સી.આઈ. પેમેન્ટ પંદર દિવસે ચુકવે છે જેનાથી કિસાનોના વેપારીઓ સાથેના ઉછી ઉધારના વહેવારો પણ તુટી જાય તેવી પરિસ્થિતી પેદા થાય છે અને આ વહેવારો તુટવાથી કિસાનોને ખુબ જ મુશ્કેલી વેઠવી પડે છે. બધા જ કિસાનો જાણ છે કે સી.સી.આઈ. રૂપિયા આઠસો ના ભાવથી ખરીદી કરે છે પરંતુ મજબુરી હોવાને કારણે રોકડા પૈસાની જરૂરીયાત હોવાથી છસો પચ્ચીસ થી લઈને સાતસો પચ્ચીસ સુધીના ભાવથી કિસાનોને કપાસ વેચવાની ફરજ પડેશે અને પુરતા ભાવ ન મળવાને કારણે કિસાન દિવસે - દિવસે દેવામાં ડુબતો જાયછે આવી સ્થિતીમાંથી કિસાનોને ઉગારવા આપ સાહેબને ફરી નમ્રવિનંતી કરી જણાવીએ છીએ કે સી.સી.આઈ. તરફથી કપાસની ખરીદી કરવામાં આવેછે તેનું પેમેન્ટ તે જ દિવસે કરવા જરૂર જણાય ત્યા રજુઆત કરી આ દેવામાં ડુબી રહેલા કિસાનોને બચાવવા યોગ્ય કરવા ભારતીય કિસાન સંઘ આપ સાહેબને નમ્રવિનંતી કરે છે.સી.સી. આઈ.ને રોકડુ પેમેન્ટ ચુકવવાની વાત ગુજરાત સરકારના હાથની હોય તો આ સાહેબ કૃષિ મંત્રીશ્રી ગુજરાત સરકાર તેમજ મુખ્યમંત્રીશ્રીને વિગત સહ રજુઆત કરી કિસાનોને સી.સી.આઈ. તરફથી કપાસની ખરીદી કરવામાં આવે છે તેનું તે જ દિવસે પેમેન્ટ ચુકવામાં આવે તેવી યોગ્ય કાર્યવાહી કરી ન્યાય અપાવશો.

## બાબરાની મેઈન બજારની ટ્રાફિક સમસ્યાથી વેપારીઓ ભારે પરેશાન

**બુધવારી પુલ, મેઈન બજાર, શાક માર્કેટ નાગરીક બેંક પાસે ટ્રાફિક સમસ્યા વિકરાળ બની**

બાબરા (દીપક કનૈયા),બાબરામાં છેલ્લા ઘણા સમયથી ટ્રાફિક સમસ્યા વિકરાળ બનતા જનતા અને વેપારીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે.બાબરામાં છેલ્લા ઘણા સમયથી બુધવારી પુલ, મેઈન બજાર, શાકમાર્કેટ નાગરીક બેંક ચોક, નાના બસ સ્ટેશન, સાડી બજાર વિસ્તારોમાં આડેધડવાહન પાર્કીગ થતા નગરજનો અને વેપારીઓને ભારે મુશ્કેલી વેઠવી પડે છે દર્શનાર્થે જતા વૃધ્ધોને પસાર થવુ મુશ્કેલ બન્યુ છે.બાબરા ટ્રાફિક પોલીસ હોવા છતા કોઈ નકકર કાર્યવાહી નહી થતા લોકો ત્રાહીમામ પોકારી ઉઠયા છે. ટ્રાફિક સમસ્યા પ્રશ્ને અવાર નવાર રજુઆત છતા પોલીસતંત્ર ટ્રાફિક પ્રશ્ને જાગૃત નહી થતા બાબરાની જનતાને ટ્રાફિક સમસ્યા શીરદર્દ સમી બની છે.

## રાજકોટમાં સમસ્ત બ્રહ્મસમાજનો મહા પરિચય મેળો યોજાશે

**૧૩૮ સંસ્થાઓનો સહયોગ : પરિચય મેળામાં ૫૫૦૦ યુવક યુવતિઓનો લગ્ન પરિચયની વ્યવસ્થા : સ્થળ ઉપર જન્માક્ષર મેળાપક**

રાજકોટ, શ્રી સારસ્વત એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા આગામી તા.૧૪/૧૨/૧૪ સમસ્ત બ્રહ્મસમાજના યુવક યુવતિઓનો મહાપરિચય મેળો યોજાનાર છે.આ પરિચય મેળાને સફળ બનાવવા સમસ્ત બ્રહ્મસમાજની ૧૩૮સંસ્થા તથા ૨૩૫ સમાજ સેવકોનો સાથ સહકાર મળી રહયો છે પરિચય મેળાની સાથે બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટના જયેશભાઈ ઉપાધ્યાયની રકતતાલુનુ આયોજન કરેલ છે આ મહાપરિચય મેળામાં ૫૫૦૦ યુવક યુવતિઓનો લગ્ન પરિચય કરાવવામાં આવશે ફક્ત બ્રાહ્મણ જ્ઞાતિના યુવક યુવતિઓએ પરિચય મેળામાં સમાવેશ કરાશે સંસ્થા દ્વારા સ્થળ ઉપર જન્માક્ષર મેળાયક સુવિધા રાખેલ છે પરિચયમેળામાં ભાગ લેવા ઈચ્છુક બ્રહ્મણ પરિવારે તા.૩૦/૧૧/૧૪ની સુધીમાં ફોર્મ ભરવાનું રહેશે તેમ સંસ્થાના પ્રમુખશ્રી તેજસભાઈ એન.સાતાની યાદીમાં જણાવાયું છે

વન્યપ્રાણી માદા જાતીમાં પનોતી બેઠી કે શુ ?

## ગીરમાં છેલ્લા એક અઠવાડિયામાં ચાર જેટલા વન્ય પ્રાણીઓના મોત

**સિંહણ, સિંહણનું માદા બચ્ચુ, માદા ઝરખ, માદા દિપડીના મોત**

ધારી (હસમુખ દવે),છેલ્લા એકાદ અઠવાડીયામાં વન્યપ્રાણી માદા જાતીમાં પનોતી બેઠી હોય તેમ સિંહણ, સિંહણનું માદા બચ્ચુ, માદા ઝરખ, સિંહણના મોત નિપજેલ છે.આંબરડી શેત્રુંજી નદીમાંથી એક માદા સિંહણનો મૃતદેહ મળતા ડી.એફ.ઓ. અંશુમન શર્માની સુચનાથી આર.એફ.ઓ. સી.પી. રાણપરીયા વનવિભાગના કર્મચારીઓએ સિંહણના મૃતદેહનો કબ્જો લઈ વેટરનરી ડો. હિતેષભાઈ વામજાએ પી.એમ. કરેલ. પી.એમ. દરમિયાન સિંહણના મૃતદેહમાં તમામ નખ સલામત હતા. આર.એફ.ઓ. રાણપરીયાના જણાવ્યા મુજબ આ સિંહણનું મોત આંતરની બિમારીના કારણે થયાનું અનુમાન છે. વિશેરા ફોરેન્સીક લેબોરેટરીમાં મોકલેલ છે.

### ચિરવિદાય

સાવરકુંડલા

વંડા નિવાસી જહુમા ખોડાભાઈ હાવળીયા ઉ.વ.૬૮ તે ડાયાભાઈ, સહદેવભાઈના માતૃશ્રી તથા ભરરભાઈ, અશોકભાઈ પંકજભાઈના મોટા બાનું તા.૭ના રોજ અવસાન થયેલ છે.

## રાજુલા તાલુકાનો લોક સંવાદ સેતુ કાર્યક્રમ યોજાયો

**રાજય મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની પ્રેરક ઉપસ્થિતીમાં ૭૪ પ્રશ્નનો નિકાલ**

રાજુલા,

ગુજરાત સરકારના છેવાડાના માનવીના પ્રશ્નોને વાચા આપવા અને પડતર પ્રશ્નોના ઉકેલ અર્થે રાજુલા માર્કેટયાર્ડ ખાતે લોકસંવાદ સેતુ કાર્યક્રમ રાજયના મંત્રી નાનુભાઈ વાનાણીની અધ્યક્ષતામાં યોજાયેલ હતો. જાહેર પ્રસિધ્ધીથી તાલુકાના પ્રશ્નો માંગવામાં આવતા જેમાં ૭૪ જેટલા પ્રશ્નો હકારાત્મક રહ્યા હતા. બાકીના નિતિવિષયક પ્રશ્નો ઉકેલવાની બાહેધરી આપવામાં આવી હતી. આ લોકદરબારમાં સરકાર પક્ષે રહીને અધિકારીશ્રીઓ હાજર રહ્યા હતા. તેમજ આ કાર્યક્રમમાં માન.ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી, નગરપાલીકા પ્રમુખ સંજયભાઈ ધાખડા, યાર્ડના પ્રમુખ જીજ્ઞેશભાઈ પટેલ, વલકુભાઈ, જેન્તીભાઈ જાની, દાદભાઈ વરૂ, અશોકભાઈ, સામતભાઈ વાઘ, શુકલભાઈ બલદાણીયા, નાજભાઈ ખંજર, રવુભાઈ ખુમાણ,ગજેન્દ્રસિંહ, કમલેશ મકવાણા, પરેશભાઈ લાડુમોર હાજર રહ્યા હતા. અધિકારીશ્રીઓમાં જિલ્લા વિ.અધિ. સુજીતકુમાર, પ્રાંત અધિકારી સુજલ મયાત્રા, મામલતદાર દિલીપસિંહ વાળા, ટી.ડી.ઓ. ડીવાયએસપી રાજેશભાઈ પરમાર, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી બી.કે.પટેલ માધ્યમિક શિ.અધિકારી ઉપાધ્યાય, જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી, અધિક્ષક ઈજનેર પી.જી.વી.સી.એલ. બી.આર.શ્રી કનોજીયા ઉપસ્થિત રહ્યા હતા.

## ધારીમાં દશાણી પરિવારનુ સ્નેહમિલન મળ્યું

**શ્રીનાથજીની ઝાંખી અને સહર્કિતન કાર્યકમ યોજાયો**

ધારી

ધારીમાં દશાણી પરિવાર દ્વારા સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતા જેમાં સૌરાષ્ટ્રના ગાયીકા નિધિબેન ધોળકીયા તથા તેમના સાથી કલાકારોએ શ્રીનાથજી સંકિર્તના રજુ કરેલ આ તકે ભરતભાઈ પોપટ શાંતિભાઈ વિઠલાણી અશોકભાઈ સાદરાણી મથુરભાઈ માધવાણી શૈલેષભાઈ મશરૂ જગદીશભાઈ જોબનપુત્રા રાજેશભાઈ રૂપારેલીયા હિતેષભાઈ સાદરાણી ઉપસ્થિત રહયા હતા તેમ ઉદય ચોલેરાની યાદીમાં જણાવાયું છે

## રાજુલાના કોવાયામાં સમુહલગ્નોત્સવની તડામાર તૈયારી

**આહિર યુવક મંડળ દ્વારા છઠ્ઠા સમુહલગ્નોત્સવ યોજાશે**



રાજુલા, રાજુલા તાલુકાના કોવાયામાં આહીર યુવક મંડળ અને સમસ્ત કોવાયા દ્વારા આહીર સમાજના છઠ્ઠા સમુહલગ્ન માટે તડામાર તૈયારી શરૂ કરવામાં આવી છે. સમુહલગ્ન તા.૨૯-૧-૨૦૧૫ને ગુરૂવાર સંવત- ૨૦૭૧ના મહાસુદ-૧૦ના રોજ રાખેલ છે. સમુહલગ્ન માટે આહીર યુવક મંડળ કામે લાગી ગયેલ છે. તેમ બાબુભાઈ (યુનિયન) દ્વારા જણાવેલ છે.

### રાજુલાના કોવાયામાં પાઈપ વડે હુમલો

અમરેલી રાજુલા કોવાયા ટાઉનશીપમાં મહમદ આર્યન આરીની ઈનોવા કારણે કનુભાઈ લાખણોત્રા અને એક અજાણ્યા માણસે અટકાવી લોખંડની પાઈપ વડે માર મારી કારના કાચ તોડી નાખી નુકશાન પહોચાડયાની ફરીયાદ મરીન પોલીસ મથકમાં નોંધાવેલ છે

### સાવરકુંડલામાંથી મારૂતી ફ્રન્ટીની ચોરી

અમરેલી, જુનાગઢમાં રહેતા નિલેશભાઈ જનકભાઈ જોષી ગત તા. ૩૧/૧૦/૧૪ ના સાવરકુંડલા આવેલ ત્યારે પરશુરામ ઉપવન પાસે રાખજલ મારૂતી ફ્રન્ટી નં.જી.જે. ૧ પી.પી. ૫૫૦ કિ.રૂ. ૧૮૦૦૦ ની કોઈ ચોરી કરી લઈ ગયાની ફરીયાદ નોંધાવેલ છે.

## જાફરાબાદમાં ટીંબી ચેકપોસ્ટ ઉપર ટ્રાફિક ડ્રાઈવ : ૫૪ એનસી નોંધાઈ

**પોલીસે ૩ વાહનો ડીટેઈન કરી એનસી કેસોમાં રૂા.૪૫૦૦નો દંડ વસુલ્યો : ફફડાટ ફેલાયો**

રાજુલા,

જાફરાબાદ તાલુકાના ટીંબી ચોક પોસ્ટ ઉપર નાગ્રેશ્રી પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ કરતા અનેક વાહનોનેગેરીતી જોવા મળતા પોલીસે કરી કાર્યવાહી જેમા ઉના ભાવનગર નેશનલ હાઈવે હોવાથી બેફામ નાના મોટા વાહનો દોડતા હોય છે જેને લઈને જીલ્લા પોલીસ વડા મકરંદ ચૌહાણની સુચનાથી ૫૪ એન.સી૪૫૦૦ દંડ ૩ વાહન ડીટેઈન કરતા નાગ્રેશ્રી ટીંબી રોડ ઉપર વાહન ચાલકોમા ફફડાટ ફેલાયો હતો આ કામગીરીમા પોલીસ એએસઆઈ મહેન્દ્રસિંહ ચુડાસમા જી.બી.આહીર એ.આર.ઝાલા સહીત પોલીસ સ્ટાફે સપાટો બોલાવ્યો હતો

### હિંડોરણાના યુવાનનું દાઝી જતા મોત

અમરેલી,રાજુલાના હિંડોરણામાં રહેતા પ્રકાશભાઈ ભીમભાઈ બાંભણીયા ગત તા. ૭ ના રોજ વેલ્ડીંગ કરતા દાઝી જતા તેનું સારવારમાં મોત થયાનું રાજુલા પોલીસ મથકમાં જાહેર થયેલ છે.

## બાબરાના ચમારડી પાસે ટ્રક-કાર વચ્ચે અકસ્માત સર્જાયો

**અકસ્માતમાં કાર ચાલકે ઈજા થતા દવાખાને ખસેડાયો**




ચમારડી (પરેશ રાઠોડ),

બાબરાના ચરખા રોડ ઉપર વહેલી સવારે ટ્રક અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ બનાવની વિગત અનુસાર બાબરાના ચરખા ઉપર પસાર થતી ઈન્ડીગો કાર નં જીજે ૧૮એબી ૧૪૧૫ને ટ્રક નંબર જીજે ૪ ટી ૭૦૬૭ સામસામા અથડાતા ઈન્ડીગો કારના ચાલકે ઈજા થતા દવાખાને ખસેડાયેલ છે.જો કે આ બનાવ અંગે હજુ સુધી પોલીસમાં કોઈ ફરિયાદ થવા પામી નથી.

## સાવરકુંડલાના સુફીસંત દાદાબાપુ કાદરી મક્કા મદીનાની હજજ પુરી કરી

સાવરકુંડલા,સાવરકુંડલાના સુફીસંત અલ્હાઝ સરકાર સૈયદ દાદાબાપુ કાદરી હજજએ બયતુલ્લાહની મુબારક સફરથી આજે પરત સાવરકુંડલા પધારી રહ્યા છે તો સમસ્ત મુસ્લિમ સમાજમાં હર્ષની હેલી જવા મળી રહી છે.સાવરકુંડલામાં હિંદુ મુસ્લિમોમાં ભાઈચારાની ભાવના સાથે કોમી એકતાના હિમાયતી અને વ્યસન મુક્તિ અભિયાનનાંપ્રેરણા સ્ત્રોત સુફીસંત અલ્હાઝ સરકાર સૈયદ દાદાબાપુ કાદરી આજે રવિવારે મક્કા મદિનાની હજજએ બયતુલ્લાહની મુબારક સફર પુરી કરીને સાવરકુંડલા પધારી રહ્યા છે. આજે રવિવારે સાંજે ૫ કલાકે અમરેલી ખાતે અસરની નમાઝ અદા કરાવશે અને મગરીબની નમાઝ સાવરકુંડલાની જુમ્મા મસ્જીદ ખાતે અદા કરાવવાના હોવાથી સમસ્ત મુસ્લિમ સમાજમાં હર્ષની હેલી ઉપડી છે.સુફીસંતને સત્કારવા સાવરકુંડલા સુન્ની મુસ્લિમ જમતા અને ખાદીમો દ્વારા તૈયારીઓ થઈ રહી છે તેમ મુન્નાભાઈ કાદરીએ અખબારીયાદીમાં જણાવેલ છે.

પહેલા પાનાનું

### ૨૮ શરાબીઓ

હસમુખ ભાણાભાઈ બારૈયા રે. જાફરાબાદ, મુરાદ નનુ પઠાણ રે. મોરંગી, પાંચા લાખાભાઈ બગડા રે. નાળ, વિજયભાઈ ઉર્ફે રણજીતભાઈ સોઢા રે. મોટા આંકડીયા, રવજી સોમા પરમાર, જગદીશભાઈ ધાધલ, મનોજ માણસુરભાઈ ધાધલ રે. દહીડાને પોલીસે ઝડપી લઈ ગુનો નોંધી નશો ઉતારી નાખ્યો હતો.છેલ્લા બે દિવસોમાં ૨૦ જેટલા શરાબીઓને પોલીસે ઝડપી લઈ ગુનો નોંધતા શરાબીઓમાં ફફડાટ ફેલાયો છે.

છેલ્લા પાનાનું

### પરશોતમભાઇ રૂપાલા

છે.પરશોતમભાઈ રૂપાલા પ્રભારી તરીકે ગોવાની મુલાકાતે ગયેલ છે. ગોવામાં હાલશ્રી મનોહર પારિકરના મુખ્ય પ્રધાન પદ ભાજપની સરકાર સુંદર કામગીરી કરી રહેલ છે. ગોવાનું સંગઠન પણ ઘણુ મજબુત છે.જો કે શ્રી મનોહર પારિકરને રાષ્ટ્રીય કેબિનેટમાં સંરક્ષણ મંત્રી તરીકે સમાવવામાં આવે તેવી શકયતાઓ પણ છે. તેવા સંજોગોમાં ગોવાના મુખ્યમંત્રી પણ બદલવામાં આવે તે સ્વાભાવિક છે.શ્રી રાજનાથસિંહ રાષ્ટ્રીય અધ્યક્ષ પદે હતા ત્યારે પરશોતમભાઈ રૂપાલાને આંધ્રપ્રદેશના પ્રભારીની જવાબદારી સોંપાયેલ શ્રી રૂપાલાનો ગોવાનો ત્રણ દિવસનો પ્રવાસ ગોઠવાયેલ છે. તેમ કશ્યપ જોષીની અખબારી યાદીમાં જણાવાય છે.

*શ્રીરંગ સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજ અમરેલી દ્વારા જાણીતા દાતા શ્રી શરદભાઈ આડતીયા તથા અ.સૌ.સ્મીતાબેન આડતીયાની ઉપસ્થિતિમાં*

# અમરેલીમાં આજે વૈદ્યભવન લોકાર્પણ, સ્નેહમિલન કાર્યક્રમ

**કે. સુમનતાઇ સદાશિવરાવ વૈદ્ય ભવનનો ભવ્યાતિભવ્ય લોકાર્પણ સમારોહ યોજાશે**

**ભવનનાં લોકાર્પણ કાર્યક્રમ સાથે સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજનું સ્નેહમિલન મળશે**

**અતિથીગૃહથી એરપોર્ટ સુધીના રોડનું વિધિવત રીતે આજે નામકરણ કરાશે**

**અમરેલીના સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ સામે ગાયત્રી શક્તિપીઠનાં પ્રવેશદ્વારની ખાતમૂહુર્ત વિધી**

**સાંસદશ્રી નારણભાઇ કાછડિયા, શ્રી પરસોતમભાઇ રૂપાલા, શ્રી દિલીપભાઇ સંઘાણી, શ્રી પરેશભાઇ ધાનાણી, શ્રી નલીનભાઇ કોટડીયા, શ્રી અભયાબેન વૈદ્ય અને શ્રી પ્રકાશરાવ વૈદ્ય, શ્રી શરદભાઇ આડતીયા અને મહારાષ્ટ્રીયન સમાજની વિરાટ ઉપસ્થિતિ**



અમરેલી,અમરેલીમાં આજે શ્રીશ્રીરંગ સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા કે.સુમનતાઈ સદાશિવરાય વૈદ્ય ભવન લોકાર્પણ સમારોહ અને મહારાષ્ટ્રીયન સમાજનું સ્નેહમિલન તા.૯-૧૧-૧૪ રવિવાર સવારે ૧૦-૩૦ કલાકે શ્રી ગાયત્રી શક્તિપીઠ રોડ ભાવકા ભવાની મંદિર સામે અમરેલી ખાતે યોજાશે. ભવનું લોકાર્પણ શ્રી પ્રકાશરાવ વૈદ્ય તથા સૌ.અભયાબેન વૈદ્યના હસ્તે થશે. આ પ્રસંગે અધ્યક્ષપદે સાંસદશ્રી નારણભાઈ કાછડિયા અને મુખ્ય મહેમાનપદે ભાજપનાં રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પરસોતમભાઈ રૂપાલા, પૂર્વમંત્રી દિલીપભાઈ સંઘાણી અને શરદભાઈ આડતિયા,સૌ.સ્મીતાબેન શરદભાઈ આડતીયા, પ્રકાશરાવ રામભાઉ વૈદ્ય અને સૌ.અભયાબેન પ્રકાશરાવ વૈદ્ય તથા પાલિકા પ્રમુખ કાળુભાઈ પાનસુરીયા, શરદભાઈ લાખાણી, કલેકટરશ્રી અજયકુમાર, ચીફ ઓફિસર શ્રી રાડિયા, ડો.ભરતભાઈ કાનાબાર, પીપી સોજીત્રા, શ્રીમતી મંજુલાબેન જોશી, પિન્ટુભાઈ કુરૂદલે, ડો.રાણવા, ડો.ખૂંટ, શ્રીમતી અલ્કાબેન દેસાઈ, પરેશભાઈ આચાર્ય, કિશોરભાઈ મહેતા, જે.વી.આચાર્ય, બાબુભાઈ મહેતા અને તકતી અનાવરણ માટે શ્રી નારણભાઈ કાછડિયા, શ્રી પરસોતમભાઈ રૂપાલા,પરેશભાઈ ધાનાણી, દિલીપભાઈ સંઘાણી, નલીનભાઈ કોટડીયા, સૌ.અભયાબેન વૈદ્ય, પ્રકાશરાવ રામભાઉ વૈદ્ય, શરદભાઈ આડતિયા ઉપસ્થિત રહેશે તેમ શ્રીશ્રીરંગ સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજ અમરેલીના પ્રમુખ ડીએસ વૈદ્યે જણાવ્યું છે.આ કાર્યક્રમ સફળ બનાવવા શ્રી શિવાજીરાવ મોરે, શ્રી વસંતરાવ ચૌહાણ, માધવરાવ કદમ, રાજેન્દ્ર પવાર, માનસીંગ રાવ મોરે, કમલેશ મોરે, દિનેશભાઈ કદમ, યશવંતરાવ નલગે, દતાત્રેય વૈદ્ય, માનસીંગ રાવ પવાર, પ્રવિણચંદ્ર કુરૂદલે, પ્રકાશરાવ શિતોલે, મહેન્દ્ર પવાર, ચંદ્રકાંત આરસકર, લક્ષ્મીકાંત મહાજન, શશાંક મહાજન, સુરેશભાઈ જોશી, જીતુભાઈ પંડયા અને નરેશરાવ કુરૂદલે, નારણરાવ નલગે, નરેન્દ્ર પવાર, ખંડેરાવ પવાર, આનંદરાવ પવાર, સરજેવા ભાખરે, સૌ જયશ્રી તાઈ, શ્રી પંકજ ભાવરાવ તાવડે, શ્રી અમૃત રાવ રામચંદ્રરાવ ઘોરપડે, શ્રી રાજેશ પગેદાર, શ્રી નરેદ્ર વરે, તેજસ ઢોણે, શ્રી જીતેન્દ્ર કેશવરખા ચૌહાણ, શ્રી પ્રકાશ આરસકર, શ્રી દિપક બીનીવાલે, શ્રી અતુલ કાળે, શ્રી પ્રકાશ સાબુકે, શ્રી મહેન્દ્ર પવાર, શ્રી ધર્મેન્દ્ર પવાર, શ્રી ચંદ્રકાંત શીંદે, સો.અલ્કા પી.કુરૂદલે સૌ સીમા શશાંક મહાજન સહિત જહેમત ઉઠાવી રહ્યા છે તેમ પ્રમુખ શ્રી ડે.એસ.વૈદ્યે જણાવ્યું છે.

## અમરેલીમાં ૧૯૬૭માં મરાઠા સમાજ સંસ્થાની શરૂઆત થયેલ

**અમરેલીમાં અંદાજે ૧૫૧ કુટુંબોનો વસવાટ : અમરેલી સાથે ભારે લાગણી**

અમરેલી, અમરેલીમાં શ્રીમંત સર સયાજીરાવ ગાયકવાડ રાજયનું શાસન હતુ ત્યારથી આજ સુધીમાં મહારાષ્ટ્રીયન સમાજમાં આશરે ૧૫૧ કુટુંબો વસવાટ કરે છે. સૌપ્રથમ ૧૯૬૭માં મરાઠા સમાજ અમરેલીના નામે સંસ્થાની શરૂઆત થઈ તે પછી ૧૯૯૪માં શ્રીશ્રી રંગ સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજનાં નામે ટ્રસ્ટ રજીસ્ટ્રેશન થયું ઉત્કૃષ્ટ સંસ્થાનું બહુમાન બૃહદ મહારાષ્ટ્રીયન મંડળ નવી દિલ્હી તરફથી આ સંસ્થાને મળ્યું હતુ. આજે 'ભવન સમાજને લોકાર્પિત કરવાનો શુભ અવસર આવ્યો છે.આ ભવનના નિર્માણમાં સમાજનાં સમસ્ત પરિવાર, વૈદ્ય પરિવાર, સાંસદ શ્રી નારણભાઈ કાછડિયા અને પરસોતમભાઈ રૂપાલા સ્વ.ગોપીનાથજી મુંડે તેમજ શ્રી શરદભાઈ શાંતિભાઈ આડતિયા અને પરિવારનું અમૂલ્ય યોગદાન પ્રાપ્ત થયું છે તે બદલ શ્રીશ્રી રંગ સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજ અમરેલી દ્વારા તેઓનું ઋણ સ્વીકારી આભાર માને છે તેમ પણ લાગણી વ્યક્ત કરી છે.

*જૂનાગઢમાં ગરવા ગિરનારની ગોદમાં ગીરફાર્મ હાઉસ ખાતે ધર્મકાર્ય સાથે જીવન વિતાવી રહેલા સેવાભાવી અને*

# અમરેલીના ભામાશા શ્રી શરદભાઇ આડતિયાનું ધર્મક્ષેત્રે અનેરુ યોગદાન

**શરદભાઈ આડતિયા પરિવાર દ્વારા અનેરી સખાવત : અમરેલીનાં ગાયત્રી શક્તિપીઠ અને હનુમાન મંદિરનું પણ રિનોવેશન કરાવી અનેરા ધર્મકાર્ય સાથે સુવાસ પ્રસરાવી**

અમરેલી, અમરેલીમાં આજે વૈદ્યભવન લોકાર્પણ અને સ્નેહમિલન કાર્યક્રમનું ભવ્ય આયોજન થયું છે. શ્રીશ્રી રંગ સમસ્ત મહારાષ્ટ્રીયન સમાજ દ્વારા સમગ્ર કાર્યક્રમોના દાતા તરીકે શ્રી શરદભાઈ શાંતિલાલ આડતિયા અને અ.સૌ. સ્મીતાબેન શરદભાઈ આડતિયા અને આડતિયા પરિવાર સેવા આપનાર છે. આમ અમરેલીના ભામાશા શ્રી શરદભાઈ આડતિયાનું અનેરૂ યોગદાન બિરદાવવા લાયક છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગાયત્રી મંદિર નિર્માણમાં પણ આડતિયા પરિવારનું મોટુ યોગદાન હતુ.



**સુમન**

સેવા સંસ્કાર સંગ જેની સગાઈ છે,
આતમ ઉચેરો, નામ તેનું સુમનતાઈ છે.
ફૂલનો પર્યાય એસ સુમન કહેવાય છે,
કર્મોની ખુશ્બુથી મ્હેકે સુમનતાઈ છે.
લોચન સહુનાં આજ હરખે ભીજાય છે,
માર્ગે મકાને નામ રૂડુ સુમનતાઈ છે.
'વામન' કહે 'શરદ' મૌજથી મલકાય છે.
ઋણ સ્નેહ મમતાનું ઉરથી ચુકવાય છે.

**-ડોલરભાઇ રાજયગુરુ(વામન)**

**અમરેલી**

અમરેલી અને સોરઠનાં રતન એવા દાનવીર શરદભાઈ આડતિયાની વિનંતીને માન આપી અમરેલીમાં કવિશ્રી ડોલર રાજયગુરુ(વામન)એ કુ.સુમનતાઈ વિશે લખ્યું છે.



*શ્રી હનુમાનજી મંદિર જીર્ણોધ્ધાર પ્રસંગે*

## અમરેલીમાં મહાપૂજા અને મારૂતી યજ્ઞ યોજાશે



**શ્રી શરદભાઈ આડતિયાનાં હસ્તે ધ્વજારોહણ**



અમરેલી,અમરેલીમાં ચિતલ રોડ પર આવેલ શ્રી હનુમાનજી મંદિરનાં જીર્ણોધ્ધાર પ્રસંગે મહાપૂજા અને મારૂતી યજ્ઞ યોજાનાર છે. જેમાં શ્રી વિપુલભાઈ, શ્રી વિમલભાઈ, શ્રી પ્રદિપભાઈ અને ભાવનાબેન તથા આડતિયા પરિવાર પુજામાં બેસશે. ગાયત્રી શક્તિપીઠની બાજુમાં સવારે ૧૦ કલાકે કાર્યક્રમ યોજાશે. તેમ આયોજકો વતી જણાવ્યું છે.

*અનેક લોકોની આસ્થાનાં પ્રતિકસમા શ્રી ગાયત્રી શક્તિપીઠ અમરેલી દ્વારા*

# અમરેલીમાં શ્રીરામ શર્મા આચાર્યજી પ્રવેશદ્વારનું આજે ખાતમુહૂર્ત

**અમરેલી શહેરનાં ચિતલ રોડ પર આવેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ સામે ખાતમુહૂર્ત કાર્યક્રમ : ગાયત્રી પરિજનો અને સેવકો તેમજ વિવિધ ક્ષેત્રનાં આગેવાનોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ**

અમરેલી, અમરેલીમાં ચીતલ રોડ ઉપર આવેલ ગાયત્રી શક્તિ પીઠ દ્વારા સ્પોર્ટસ કોમ્પ્લેક્ષની સામે શ્રી રામશર્મા આચાર્યજી પ્રવેશ દ્વારની ખાતમુહૂર્ત વિધી સવારે ૯-૦૦ કલાકે પૂર્વ કૃષિમંત્રી શ્રી દિલીપભાઈ સંઘાણીની ઉપસ્થિતિમાં યોજાનાર છે. ગાયત્રી શક્તિપીઠ દ્વારા આકર્ષક પ્રવેશ દ્વાર બનાવાશે તેમ ગાયત્રી શક્તિપીઠના જે.વી.આચાર્ય, બાબુભાઈ રાજયગુરુએ જણાવ્યું છે.



**અમરેલી ગાયત્રી શક્તિપીઠની જમીનનું દાન પણ શ્રી શરદભાઈ આડતિયાએ આપેલુ**

અમરેલી, અમરેલીમાં ચિતલ રોડ પર આવેલ ગાયત્રી શક્તિપીઠની જમીનનું દાન પણ જાણીતા દાનવીર શ્રી શરદભાઈ આડતિયાએ આપ્યું હતુ અને મૂર્તિના દાતા તરીક, પ્રજ્ઞા સજલ નિર્માણના દાતા તરીકે પણ સેવા આપી હતી. હાલ કલર કામ સાથે સમગ્ર પરિસરનું રીનોવેશન પણ કરાવી આપ્યું છે. નવનિર્માણ થનાર પ્રવેશદ્વારનું ખર્ચ પણ શ્રી શરદભાઈ આડતિયા કરશે આમ ગાયત્રી શક્તિપીઠમાં તનમનધનથી સહયોગ શ્રી શરદભાઈ આડતિયા પરિવાર દ્વારા મળેલ છે.

*શ્રી શરદભાઈ આડતિયાના સહયોગથી બનનાર પ્રવેશદ્વારનાં આજે ખાતમુહૂર્ત બાદ*

## અમરેલીમાં આગામી દિવસોમાં ભવ્ય ઉદ્દઘાટન સમારોહ

**ગાયત્રી યજ્ઞ, ૨૪ કુંડી યજ્ઞ સહિતનાં કાર્યક્રમોમાં ગાયત્રી પરિજનો સહિત ધર્મપ્રેમી જનતા ઉમટી પડશે**

**શાંતિકુંજ હરિદ્વારના સંતોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય કાર્યક્રમો : ગાયત્રી શક્તિપીઠ દ્વારા આયોજન**

અમરેલી,અમરેલીના દાનવીર શ્રી શરદભાઈ આડતિયાનાં સહયોગથી ગાયત્રી શક્તિપીઠ દ્વારા શ્રી રામશર્માજી આચાર્યજી પ્રવેશ દ્વારની આજે ખાતમુહૂર્ત વિધી સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ સામે ચિતલ રોડ અમરેલી ખાતે સવારે ૯ કલાકે યોજાશે. આજે ખાતમુહૂર્ત બાદ આગામી દિવસોમાં પ્રવેશ દ્વાર નિર્માણ થયા બાદ ગાયત્રી યજ્ઞ ૨૪ કુંડી યજ્ઞ હરીદ્વાર શાંતિ કુંજના સંતો અને ગાયત્રી પરિજનોની ઉપસ્થિતિમાં યોજાવા પણ ગાયત્રી શક્તિ પીઠ દ્વારા તડામાર તૈયારીઓ થઈ રહી છે તેમ શ્રી જે.વી.આચાર્ય અને બાબુભાઈ રાજયગુરુએ જણાવ્યું છે.

# અમરેલીમાં સ્વયંભુ હનુમાનજી મંદિરનો જીર્ણોધ્ધાર

**પુરાતન અને સ્વયંભુ પ્રગટ થયેલ શ્રી હનુમાનજી મંદિરે આજે ધ્વજારોહણ, સુંદર કાંડના પાઠ, મારૂતી યજ્ઞ**

અમરેલી,અમરેલીમાં ગાયત્રી શક્તિપીઠ નજીક વર્ષો પુરાણુ સ્વયંભુ હનુમાન મંદિર આવેલ છે. અહિ વર્ષો પહેલા નાનકડી ડેરી હતી તેનું રીનોવેશન શ્રી શરદભાઈ આડતિયાએ કરાવ્યા બાદ મંદિરનું પણ તેમણે નિર્માણ કર્યુ હતુ હવે ફરીથી જીર્ણોધ્ધાર સાથે હોલનું નિર્માણ થતા અંતે નાના મંદિરમાંથી મોટુ મંદિર બનતા આજે લોકાર્પણ વિધી થનાર છે તે નિમિતે સુંદર કાંડના પાઠ અને મારૂતી યજ્ઞ પણ યોજાનાર છે. આ નિમિતે શ્રી શરદભાઈ આડતિયા ધ્વજારોહણ કરી હનુમાનજીની મહાપૂજા કરનાર છે. યજ્ઞ સવારે ૯ કલાકે શરૂ થશે અને ૧૨ વાગ્યે બીડુ હોમાશે જેમાં શ્રી દિલીપભાઈ ભટ્ટ અને ભુદેવો હાજરી આપશે તેમ જણાવ્યું છે.

## એરપોર્ટ થી ફોરવર્ડ સુધીનો માર્ગ કુ.સુમનતાઇ માર્ગ કહેવાશે

**કુ.સુમનતાઈ સદાશીવરાવ વૈદ્ય માર્ગનું પાલિકા પ્રમુખ શ્રી પાનસુરીયા હસ્તે નામકરણ**

અમરેલી,અમરેલીમાં આજે ચીતલ રોડ અતિથી ગૃહથી એરપોર્ટ સુધીનાં રોડનું નામકરણ થનાર છે. આ રોડ આજથી કુ. સુમનતાઈ સદાશીવરાવ વૈદ્ય માર્ગ તરીકે જાહેર થશે તેમ વૈદ્ય ભવન લોકાર્પણ અને મહારાષ્ટ્રીયન સમાજના સ્નેહ મિલન પ્રસંગે આયોજન હોવાનું જાણવા મળ્યું છે.

## અમરેલીમાં સેવાનો પર્યાય સુમનતાઈ વૈદ્ય



**સેવા સંસ્કાર અને સુમિરનનો ત્રિવેણી સંગમ : ભારે મોટુ યોગદાન**

અમરેલી, આશરે બસ્સો વર્ષ પૂર્વે મહારાષ્ટ્રનું એક સંસ્કારી કુટુંબ મહારાષ્ટ્રને અલવિદા કરી અમરેલી મુકામે સ્થાયી થયું કાળક્રમે પોતાની રહેણી કરણી સંસ્કારિતા અને નિતિમતાને કારણે અમરેલીના નગરવાસીઓના હદયમાંહમ વતની તરીકેનો દરજજો મેળવી લીધો.અમરેલી નગરીના ભાગ્યજોગે મહારાષ્ટ્રના આ કુટુંબે અમરેલી શહેરને એક પ્રતિભાશાળી નારી રત્નની ભેટ આપી તે નારીરત્ન એટલે શ્રી સુમનતાઈ ત્રીજી નવેમ્બર ઓગણીસો ચોવીસના શુભ દિવસે શ્રી સદાશીવરાય વૈધને ત્યાંએક બાળકીનો જન્મ થયો સેવાભાવી પિતા અને સંસ્કારી તથા પ્રભુ પરાયણ માતાની છત્રછાયામા દિકરી સુમનભાઈ શિક્ષણ સંસ્કાર અને સુમિરનની ત્રિવેણીમંન્હાવા લાગી બાળપણથીજ સેવાનો રંગ એવો લાગ્યો કે મનમાંગાંઠ વાળી કે હુંસમગ્ર જીવન સમાજની સેવામાંજ ગાળીશ જરૂરી અભ્યાસ પૂર્ણ કરી અમરેલીમાંજ સરકારી ગર્લ્સ હાઈસ્કુલમાં શિક્ષિકા તરીકે જોડાયા અને ૩૧ વર્ષ સુધી સંનિષ્ઠ શિક્ષિકા તરીકે સેવા કરી સાથો સાથ ભગીની છાત્રાલયમાં ગૃહમાતાનુંસ્થાન દીપાવ્યુ દુર દુરથી માતા પિતાથી અળગી રહેતી વિધાર્થીનીઓ ઉપર અઢળક પ્રેમ ઢોળતી મમતાની મૂરત બની રહયા અમરેલીમાં મહિલાઓના ઉત્કર્ષ અને ઉત્થાન માટે મહિલા મંડળની સ્થાપના કરી અને ૧૫ વર્ષ સુધી મંત્રી પદે રહયા સરકાર આજે મહિલા સશક્તિ કરણ સ્ત્રીભ્રુણહત્યા અટકાવો કન્યા કેળવણીને ઉતેજન વગેરે યોજના કરી રહી છે તે સઘળા કાર્યો માટે શ્રી સુમનતાઈએ વર્ષો પહેલા ભેખ ધર્યો હતોદિકરીઓના સર્વાંગી વિકાસ માટે સદાય જાગૃત શ્રી સુમનતાઈએ બહેનોને રમત-ગમત સ્પર્ધામાં ભાગ લેવા માટે ભારતીય પરંપરા અને સંસ્કૃતિના પ્રતિક એવા રાસ-ગરબા માટે પ્રોત્સાહિત કરી પ્રેરણાસ્ત્રોત બની રહયા હતા તેઓશ્રીએ વિવિધ રાષ્ટ્રીય રમતોમાં તેમજ રાસ-ગરબા હરીફાઈમાં નિર્ણાયક તરીકેની પણ ઉતમ કામગીરી બજાવી હતી.ગુજરાત રાજય અદાલતમાં પણ માનદશ ન્યાયાધીશ તરીકે સાત વર્ષ સેવા આપેલ હતીઅમરેલીના ગ્રામ દેવતા અને સ્વયંભુ નાગનાથ મંદિરમાં ગાયત્રીમાતા તેમજ દત ભગવાનની મૂર્તિની સ્થાપના પણ તેમણે જ કરી હતીઆમ વિવિધ ક્ષેત્રોમાં પોતાની શક્તિ અને સૂઝનો ઉપયોગ કરી પોતાનુઅને અમરેલીનું ગૌરવ વધારનારશ્રી સુમનતાઈ એટલે પ્રભુ તરફથી અમરેલી નગર મળેલી સર્વોતમ પ્રસાદી નિડર સાહસિ ક સત્યપ્રિય અને સેવાભાવી એવા શ્રી સુમનતાઈને વંદન કરી તેમણે ચિંધેલા રાહ પર ચાલવાનો સૌપ્રયત્ન કરીએ એવી અપેક્ષા મહારાષ્ટ્રીયન સમાજે વ્યક્ત કરી છે

